# ભરૂચ તાલુકા કક્ષાએ ખેલ મહાકુંભ : ૨૦૨૪-૨૫

ખેલમહાકુંભ એથ્લેટિક્સ મીટ, ઝાડેશ્વર ખાતે રમાઇ. જેમાં શાળાના વિદ્યાર્થીઓ ભરૂચ તાલુકા કક્ષાએ વિજેતા બની જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે.

કન્વી. શિક્ષકઃ શૈલેન્દ્રસિંહ ગોહિલ

| ક્રમ | સ્પર્ધા તા. ૮/૧/૨૫ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | પરિણામ/ઇનામ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | યોગાસન (૬/૧/૨૫) | છત્રીવાલા જીમિત પ્રજ્ઞેશભાઇ | ૮બ | ભાગ લીધો | એમિટિ સ્કૂલ, ભરૂચ |
| ૨ | ૧૦૦ મી. દોડ (ભાઇઓ) | પંચાલ દેવ જીતેન્દ્રભાઇ | ૯બ | તૃતિય - રૂ.૭૫૦ | કે.જી.એમ. વિદ્યાલય, ઝાડેશ્વર,ભરૂચ |
| ૩ | ૨૦૦ મી.દોડ (ભાઇઓ) | ઓડ હર્ષ ઘનશ્યામભાઇ | ૮બ | દ્વિતિય-રૂ.૧૦૦૦ | |
| | | હાંસોટી આયુષ હાર્દિકભાઇ | ૮બ | તૃતિય-રૂ.૭૫૦ | |
| ૪ | ૪૦૦ મી.દોડ (બહેનો) | વસાવા સાક્ષી મહેશભાઇ | ૭બ | પ્રથમ-રૂ.૧૫૦૦ | |
| | | વસાવા માહી જગદીશભાઇ | ૭બ | દ્વિતીય-રૂ.૧૦૦૦ | |
| ૫ | ૬૦૦ મી.દોડ (બહેનો) | વસાવા સાક્ષી મહેશભાઇ | ૭બ | પ્રથમ-રૂ.૧૫૦૦ | |
| ૬ | ઊંચી કૂદ (ભાઇઓ) | સોલંકી ફેનિલ રમેશભાઇ | ૮અ | પ્રથમ-રૂ.૧૫૦૦ | |
| | | મિસ્ત્રી જેનિલ રાકેશભાઇ | ૮અ | તૃતીય-રૂ.૭૫૦ | |
| ૭ | લાંબી કૂદ | વસાવા માહી જગદીશભાઇ | ૭બ | તૃતીય-રૂ.૭૫૦ | |
| ૮ | ગોળા ફેંક (બહેનો) | પટેલ દૃષ્ટિ શૈલેષભાઇ | ૮અ | દ્વિતિય-રૂ.૧૦૦૦ | |





**સ્થળ : સંસ્કાર વિદ્યાભવન, ઝાડેશ્વર, ભરૂચ**

| ક્રમ | તા. ૮/૧/૨૫ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીનું નામ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૯ | ૧૦/૧/૨૦૨૪<br>(ખો-ખો U-14)<br>ભાઇઓ | હાંસોટી આયુષ એચ. (૮બ),<br>પટેલ હેત યુ. (૮અ),<br>સાપા મિહિર એચ. (૮બ),<br>છત્રીવાલા જીમિત પી. (૮બ) | ચૌહાણ મન એસ. (૮બ),<br>પટેલ આયુષ એ. (૭બ),<br>વસાવા હિતેનકુમાર એચ.<br>(૭બ),રાણા તેજ સી. (૭બ) | સગર ગૌરવ જે. (૭અ),<br>સોલંકી સિધ્ધાર્થ વી. (૭અ),<br>કાયસ્થ સાહિલ (૯અ),<br>વસાવા ધ્રુવ જે. (૯બ) | ફ્રેન્ડ એન્જલ, ચાવજ સામે જીત |
| ૧૦ | ૧૧/૧/૨૦૨૪<br>(ખો-ખે U-14)<br>બહેનો | પરમાર હેતવી આર. (૮બ),<br>પટેલ ક્રિષ્ના પી. (૮બ),<br>સિંધા યુકતા જે. (૮અ),<br>પટેલ અક્ષિતા બી. (૮અ) | પરમાર વંશિકા જી.(૮અ),<br>પિઠવા ધ્રુવી એચ. (૮અ),<br>પરમાર કાવ્યા એમ. (૮બ),<br>રાણા દેવાંશી સી. (૭બ),<br>વસાવા કિંજલ એ.(૭અ) | મિસ્ત્રી મેશ્વા બી. (૮અ),<br>પ્રજાપતિ આયુષી બી.(૯બ),<br>ચૌહાણ જયા આર. (૮બ) | માટલીવાલા સ્કૂલ સાથે ટાય |

**સ્થળ : એમિટિ સ્કૂલ, ભરૂચ**

| ક્રમ | તા. ૧૭/૧/૨૫ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|---|---|
| ૧૧ | ૧૭/૧/૨૦૨૫<br>ચેસ | ભટ્ટ મલ્હાર એમ. (૯/બ)<br>પડશાલ રવિ જી. (૮/અ)<br>ગોહિલ જેતુલસિંહ આર.(૮/બ) | રાજ જયવીર ડી. (૧૧)<br>દવે હેત એસ. (૮/બ)<br>રાવલ વિશ્વ ડી. (૮/બ) | ફરસરામ જૈતિ કે. (૧૧)<br>પ્રજાપતિ વૈદ્ય સી. (૧૧)<br>કાયસ્થ ધનંજય આર. (૭/બ)<br>રાણા યુગ જી. (૬/અ) |








# ''સપના કરો સાકાર'' ધો. ૬ થી ૧૨ સાયન્સ-કોમર્સ (ગુ.મા.)

**તા.૧૫/૧૦/૨૪ :** વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે પોતાના ભરૂચ શહેરની વિવિધ સંસ્થાઓને પ્રત્યક્ષ રીતે નિહાળે, તેના વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવે, તેની કામગીરીને જુએ તે હેતુથી શાળામાં ''સપના કરો સાકાર'' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધો. ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓએ વર્ગ પ્રમાણે અલગ-અલગ સંસ્થાઓની મુલાકાત લીધી હતી. જેમ કે સેવાશ્રમ હોસ્પિટલ, ચોકસી લાઇબ્રેરી, હોસ્પિટલ, ખેતીવાડી કોલેજ, દૂધ ધારા ડેરી, ફાયર સ્ટેશન, વૃદ્ધાશ્રમ, નારી સંરક્ષણ ગૃહ, **ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ** વગેરે સંસ્થાઓની મુલાકાત લીધી.

- **ધો-૬-અ : નાં કુલ- ૫૬ વિદ્યાર્થીઓએ ભરૂચની સેવાશ્રમ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.** જ્યાં તેમને લોહીની તપાસની સમજ આપી. ત્યારબાદ નર્સિંગ કોલેજ, ડાયાલિસીસ રૂમ, લેબોરેટરી વિભાગ, વિવિધ દર્દી વોર્ડ વિભાગની મુલાકાત લીધી. લાયબ્રેરી, પ્રયોગશાળા વિજ્ઞાનને લગતાં અલગ-અલગ નમૂનાની સમજ આપી. સાથે ફિઝિયોથેરાપી વિભાગ તથા ગાંધીજીની દાંડીયાત્રા વિરામ મ્યુઝિયમની મુલાકાત પણ લીધી હતી. કન્વી શિક્ષકઃ પલ્લવીબેન મહિડા, અરવિંદભાઇ પરમાર





- **ધો- ૬-બ નાં કુલ-૫૧ વિદ્યાર્થીઓએ ભરૂચ શહેરની ખ્યાતનામ એવી કે.જે. ચોકસી લાઇબ્રેરી અને હોમિયોપેથિક હોસ્પિટલ**ની મુલાકાત લીધી **હોસ્પિટલમાં હોમિયોપેથીક** દવાઓ વિશે બાળકોને માહિતી આપી હતી. હોમિયોપેથિક દવાઓ, વનસ્પતિ, મેટલ્સમાંથી બનાવવામાં આવે છે. જે નાની ગોળીના રૂપમાં હોય છે. ચોકસી પુસ્તકાલયનાં ઇન્ચાર્જ નરેન્દ્રભાઇ સોનાર જેમણે લાઇબ્રેરી વિશે જણાવતા કહ્યું કે, અહી વર્ષ દરમિયાન ૪૫,૦૦૦ થી ૫૦,૦૦૦ જેટલાં લોકો પુસ્તકાલયની મુલાકાત લે છે. પુસ્તકો વાંચે છે. બેસવા માટેની આધુનિક વ્યવસ્થા પણ છે. કન્વી. શિક્ષકઃ શાંતુબેન સુરતી, વૈશાલીબેન પરમાર




- **ધો. ૭-અ : કુલ ૫૪ વિદ્યાર્થીઓ ભરૂચ ખેતીવાડી કોલેજની મુલાકાત લીધી.** અહી તેમણે ખેતી સંબંધિત ઘણી સારી માહિતી મેળવી સાથે મ્યુઝિયમમાં ખેતીનાં વિવિધ પાકો, તેના ઉછેરમાં અવરોધતા કિટકો નિહાળ્યાં. ત્યારબાદ ગ્રીન હાઉસની મુલાકાત લીધી. જેમાં છોડને પ્રત્યક્ષ નિહાળી તેની ઉપયોગિતાની સમજ આપી. કન્વી.શિ. હિનાબેન ભાવસાર, દિપીકાબેન સોલંકી


